ગાંધીનગર સમાચાર

ગાંધીનગરના પ્રજ્ઞાચક્ષુ બાળકોનો ગીત ગુંજન કાર્યક્રમ ડી.ડી. ગીરનાર પર પ્રસ્તુત થશે

## @ગાંધીનગર

● સે-૨૨ પંચદેવ મંદિર ખાતે બપોરે ૨.૦૦ થી ૬.૩૦ કલાક દરમિયાન પ.પૂ. ફુલશંકર શાસ્ત્રીજીની વ્યાસપીઠે શ્રીમદ ભાવગત કથા યોજાશે.

### રાયપુર નર્મદા કેનાલમાંથી બિનવારસી મહિલાનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર નજીક રાયપુર નર્મદા કેનાલ સાયફનમાંથી આશરે ૩૦થી ૩૫ વર્ષની અજાણી મહિલાનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતા મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને બિનવારસી મહિલાની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. કેનાલમાં આપઘાત પાછળનું કારણ પણ તેની ઓળખ થયા બાદ બહાર આવે તેવી શકયતા ડભોડા પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

### પટેલ સમાજ અમદાવાદનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

પટેલ સમાજ અમદાવાદ દ્વારા સમસ્ત ગુજરાત રાજયમાં વસતા પાટીદાર લેઉવા પટેલના સંતાનો માટે જીવનસાથી પસંદગી મિલન સમારોહ વિના મૂલ્યે તા. ૨૯ ને ૩૦ એપ્રિલ બે દિવસ માટે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ બપોરે ૪.૦૦ થી ૬.૩૦ સુધી અમદાવાદ મુકામે યોજાશે. આ કાર્યક્રમમાં ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રી મેરેજ તથા શારીરિક ખોડ ખાંપણ વાળા ઉમેદવાર ભાગ લઈ શકશે.

જે યુવક-યુવતીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની ઈચ્છા હોય તેમણે સંપૂર્ણ બાયોડેટા તથા તાજેતરના કલર ફોટા સાથે વાલી જોડે રૂબરૂ મળવાનું રહેશે. પસંદગી મેળાનું સ્થળ આસ્થા કલીનીક, વિશ્વકર્મા સોસાયટી, પેટ્રોલ પંપ સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫ ખાતે રહેશે. વધુ માહિતી માટે સમાજના પ્રમુખનો સંપર્ક કરવા જણાવાયું છે.

### પંચદેવ મંદિર ખાતે ૨૮મીએ કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

સેકટર-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે શ્રીમદ્ ભાવગત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું પ.પૂ. ફૂલશંકર શાસ્ત્રીજી દ્વારા બપોરે ૨ થી ૬.૩૦ કલાક દરમિયાન કથાનું રસપાન કરાવાઈ રહ્યું છે. કથા સપ્તાહ દરમિયાન આગામી તા. ૨૮મી એપ્રિલના રોજ સાંજે ૫.૩૦ કલાકે કૃષ્ણ જન્મની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે આવેલી આવક અમદાવાદની કિડની હોસ્પિટલ ખાતે દાનમાં આપવામાં આવશે.

# પાટનગરે બંને પક્ષોને સરખા કર્યા

## ભાજપના ગ્રાફમાં સમયાંતરે ઘટાડાનો સંકેત તો કોંગ્રેસ હજુ પણ પોતાનો ગ્રાફ ઉંચો લાવવામાં નિષ્ફળ રહ્યું હોવાનું દેખાયું

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીના પરિણામોએ ભાજપ-કોંગ્રેસ બંને પક્ષોને મંથન કરતા કરી દીધા છે. શહેરીજનોએ ભાજપ-કોંગ્રેસને કામગીરી અનુવર્તુણકમાં એક સરખા ગણ્યા હોય તેવા મત આપ્યાનું ચિત્ર ઉપસી આવ્યું છે. જો કે રાજયમાં ત્રીજો સબળ વિકલ્પ ન હોવાથી ના છુટકે મત આપવા પડયા હોય તેવું પરિણામો ઉપરથી લાગી રહ્યું છે. મતદાન કરવામાં શહેરીજનોની નિરસતા એ જ અણધાર્યા પરિણામોની આશંકા ઉભી કરી દીધી હતી. જેમાં બંને પક્ષોને એક જ સરખી બેઠકો આપી બંને પક્ષો વચ્ચે જ સત્તાના સમીકરણો ઉભા કરી દીધા છે.

શહેરના મતદારોએ 'નરો વા કુંજરો વા' જેવી સ્થિતિનું નિર્માણ ચુંટણીના પરિણામોમાં કર્યુ છે. સત્તા મેળવવા એડીચોટીનું જોર લગાવી બહુમત થાય તેવા બંને પક્ષોના જબરદસ્ત પરિશ્રમ ઉપર મતદારોએ પાણી ફેરવી દીધું છે. જો કે મતદારોએ બંને પક્ષોને પરિણામથી સરખા કરી નાંખ્યા છે અને આવનારા સમયમાં સત્તાના





રાજકારણને બાજુમાં રાખી ફકત પ્રજા લક્ષી કામગીરી જ સાર્થક બની શકે તેવા સંકેતો આપી દીધા છે. રાજયના પાટનગરમાં શિક્ષિત મતદારોએ કોઈ જ પક્ષને સ્પષ્ટ બહુમતી ન આપી સત્તાથી દુર રાખવાના પરિણામો આપ્યા છે.

ચુંટણીના પરિણામોએ બંને પક્ષોના લેખા-જોખા માપ્યા છે જેમાં ભાજપના ગ્રાફમાં સમયાંતરે ઘટાડાના સંકેત મળે છે જયારે કોંગ્રેસ હજુ પણ પોતાનો ગ્રાફ ઉંચો લાવવામાં નિષ્ફળ નિવડયું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. રાજયના તમામ મતદારોએ બંને પક્ષોને જાણે કે સારી રીતે ઓળખી લીધા હોય તેમ ચોકકસ પક્ષ તરફી મતદાન કર્યું નથી અને રાજકારણના આંટા પાટા ખેલતા રાજકારણીઓને તેમની જ જાળમાં આબાદ ફસાવી દીધા છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ૩૨ બેઠકો પૈકી બંને પક્ષોને ૧૬-૧૬ બેઠક થમાવી દઈ હવે તમે જ નક્કી કરો તેવું ચિત્ર મતદારોએ ઉભું કરી દીધું છે. જો કે ચાલતી ચર્ચાઓ મુજબ રાજયમાં ત્રીજો સબળ વિકલ્પ પ્રાપ્ત થાય તો ભાજપ-કોંગ્રેસ બંને પક્ષોની રાજયમાંથી હકાલપટ્ટી થાય તેવું વલણ મતદારો વ્યકત કરી રહ્યા છે. છતા પણ રાજકારણીઓને ઓળખી ન શકતી પ્રજાએ વળતો પ્રહાર કરી તેમની ઓળખ પણ બતાવી દીધી છે.

## હોટેલ ફોર્ચ્યુન ઈન હવેલીનું સ્વચ્છતા અભિયાન






'સ્વચ્છતા એ આદત બનવી જોઈએ' આ સંદેશ સાથે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રભરમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે એક સપનું જોયું છે કે વર્ષ ૨૦૧૯માં જયારે સમગ્ર દેશ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૦૦મી જન્મજયંતિ ઉજવશે ત્યારે ભારતના તમામ ગલી-મહોલ્લા-ગામ-શહેર તદન સ્વચ્છ બની ચુકયા હશે. આ અભિયાનમાં તેમણે દેશના જનજનને જોડાવા આહવાન કર્યું હતું. તેમની આ પ્રેરણાદાયી હાકલને દેશના ખાનગી એકમોએ પણ ઉપાડી લઈ અભિયાનમાં પોતાનો ફાળો નોંધાવી રહ્યા છે. ગાંધીનગરના સેકટર-૧૧ સ્થિત ફોર્ચ્યુન ઈન હવેલી હોટલ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. આ અભિયાનમાં હોટેલના જનરલ મેનેજર ઉમેશ તિવારીના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફે સે-૧૧માં સાફ સફાઈ કરી હતી.

## ગાંધીનગરના પ્રજ્ઞાચક્ષુ બાળકોનો ગીત ગુંજન કાર્યક્રમ ડી.ડી. ગીરનાર પર પ્રસ્તુત થશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં સર્વિસ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ






સંચાલિત અંધશાળા સે-૧૬ના પ્રજ્ઞાચક્ષુ બાળકોનું 'ગીત ગુંજન' નો કાર્યક્રમ યોજાયો હતો. શાળાના સંગીત ખંડમાં દૂરદર્શન કેન્દ્ર અમદાવાદ દ્વારા શુટીંગ કરાયું હતું.

ગાંધીનગરના નાટયકાર, ટીવી ફિલ્મ કલાકાર હસમુખ મેકવાનના માર્ગદર્શન હેઠળ 'ગીત ગુંજન' ના આ કાર્યક્રમમાં પ્રાર્થના ગીત, સુગમ સંગીત, દેશ ભકિત ગીત, લોક ગીત અને ફિલ્મી ગીતો સમુહ ગીતો તેમજ સોલો ગીતો સંસ્થાના પ્રજ્ઞાચક્ષુ બાળકો દ્વારા પ્રસ્તુત કરાયા હતા. 'ગીત ગુંજન'ના આ સમગ્ર કાર્યક્રમનું સંગીત સંચાલન શાળાના સંગીત શિક્ષક તેજસભાઈ પરમારે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા હસમુખ મેકવાન, જયશ્રીબેન ખેતિયા તેમજ અંધશાળાના સમગ્ર પરીવારે ભારે જહેમત ઉઠાવી હતી.

આગામી દિવસોમાં અંધશાળાના આ પ્રજ્ઞાચક્ષુ બાળકોનો સંગીત સભર 'ગીત ગુંજન'નો કાર્યક્રમ દૂરદર્શન કેન્દ્ર અમદાવાદ દ્વારા ડી.ડી. ગિરનાર પરથી પ્રસ્તુત થશે એમ શાળાના મંત્રી રહેમાનભાઈ અંસારીએ જણાવ્યુ છે.

## વિજય સરઘસમાં મોબાઈલો ચોરવા ગેંગ ઘુસી ગઈ હતી

### ચોરાયેલ આઈ ફોનને મોબાઈલ માલીકે ટ્રેસ કરીને ગ-૪ નજીકથી એકને પકડયો ચોરીના ચાર મોબાઈલ મળ્યા

ગાંધીનગર, તા.૨૬

મનપાની ચુંટણીના પરિણામો જેમ જેમ જાહેર થતા ગયા તેમ તેમ જીતેલા ઉમેદવારો તથા પેનલ વિજય સરઘસ નિકાળવા લાગ્યા હતા. આ ઉત્સાહ અને આનંદના માહોલમાં નાચગાન અને ભીડભાડ વચ્ચે મોબાઈલો સેરવી લેવા માટે એક ગેંગ સક્રીય થઈ ગઈ હતી.જો કે એક જાગૃત મોબાઈલ માલિકે પોતાનો મોબાઈલ ચોરાયા બાદ ટેકનોલોજીના સહારે આઈ ફોનને ટ્રેસ કરીને ગ-૪ નજીકથી ગેંગના એક સાગરીતને ચોરીના ચાર મોબાઈલ સાથે પકડી પાડયો હતો અને વ્યવસ્થિત મેથી પાક ચખાડીને પોલીસને સોંપી દીધો હતો.

વિજય સરઘસ દરમિયાન એક યુવાનનો આઈ ફોન મોબાઈલ ચોરી થઈ જતા તેને ખ્યાલ આવી ગયો કે મોબાઈલ ચોરો સરઘસમાં એકટીવ થયેલા છે. આઈ ફોન મોબાઈલમાં એક વિશેષતા હોય છે 'ફાઈન્ડ માય આઈફોન..!' આની મદદથી તમારો મોબાઈલ હાલ કેટલે છે તે ઈન્ટરનેટના માધ્યમથી જાણી શકાય છે. યુવાને તેની મદદ લઈ ગ-૪થી ઘ-૪ તરફ જઈ રહેલી રિક્ષા પકડી અને તેના ચાલકને ઉભો રખાવી તપાસ કરતા તેની પાસેથી જ ચોરીનો મોબાઈલ મળી આવ્યો હતો. ચોરીના અન્ય ચાર મોબાઈલ પણ મળી આવતા ટોળુ ભેગુ થઈ ગયું અને મોબાઈલ ચોરને ઢોર માર મારી ગેંગ વિશે પુછતા ચાર સાગરીતો આવ્યા હોવાની કેફીયત આપી રહ્યો હતો. ગાંધીનગર એલસીબીને મોબાઈલ ચોર પકડીને સોંપી દેવામાં આવતા એલસીબીની ટીમે તેને તથા સે-૧૬માંથી પકડાયેલા અન્ય એક શખ્સ એમ બેને કચેરીએ લઈ ગઈ હતી અને સઘન પુછપરછ શરૂ કરી છે.

### સે-૨૩ આમ્રપાલી સોસાયટીમાં રાત્રે વાહનચોર ઘુસ્યો

ગાંધીનગર, તા.૨૬

શહેરના સેકટર-૨૩ ખાતે સ્થિત આમ્રપાલી સોસાયટીમાં ગઈ રાત્રે વાહનચોર ઘુસી ગયો હતો. અચાનક વસાહતીઓનું ધ્યાન તેની પર પડતા વાહનચોરને વસાહતીઓએ પડકાર્યો હતો. વાહનચોર વસાહતીઓના ડરથી ઉભી પુંછડીએ નાસી ગયો હતો. જો કે તેની પાસે વાહન ચોરવા માટની માસ્ટર કી હતી તે માસ્ટર કી ત્યાં પડી જવા પામી હતી. આ માસ્ટર કી લઈને વસાહતીઓએ પોલીસનો સંપર્ક કર્યો હતો.

## વાતવાતમાં

● વાવોલની દ્વારકેશ રેસિડેન્સીમાં આયોજિત સ્વચ્છતા અને સ્વયં શિસ્ત થીમ પરની દ્વારકેશ પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનું સમાપન થયું છે. ડીપીએલના સમાપન બાદ સોસાયટીના હોદ્દેદારોએ તમામ રહીશોના ઘરે ઘરે જઈ સ્વચ્છતા અને સ્વયંશિસ્તનું મહત્વ સમજાવ્યું હતું.

● સે-૩૦ જીઆઈડીસીમાંથી પેસેન્જર રીક્ષામાંથી પોલીસે ૩૦ લીટર તાડી સાથે એક ઈસમને ઝડપી પાડયો હતો. આ ઈસમે તાડી આદિવાડાથી લાવ્યાનું કબૂલતા પોલીસે ત્યાં પણ દરોડો પાડી વધુ ૧૦૨ લીટર તાડીનો જથ્થો ઝડપી ૩ વ્યકિતની અટકાયત કરી હતી.

● ઉવારસદ ગામે સવારે દાતણ કરતા વીજ કરંટ લાગતા ૧૫ વર્ષીય કિશોર અશ્વિન ભરતભાઈ ઠાકોરનું અવસાન થયું હતું. કિશોરના અણધાર્યા અવસાનને પગલે ગામમાં શોકની લાલિમા છવાઈ જવા પામી છે.

● તાજેતરમાં અડાલજ નર્મદા કેનાલમાં દુપટ્ટો બાંધી આપઘાત કરનાર માતા પુત્ર કેસમાં પોલીસે માતા વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલમાં આપઘાત કરનારાઓની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે.

● શહેરમાં સવારથી વાતાવરણમાં ઠંડક હતી અને બપોર પછી વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. મનપાની ચુંટણીમાં વિજેતા ઉમેદવારોના વિજય સરઘસોમાં તડકો ના નડતા કાર્યકરોને ડીજના તાલે નાચવાની મજા પડી ગઈ હતી.

● કોર્પોરેશનના પરિણામો વ્હોટસએપ પર પહેલા શે'ર કરવાની ઉતાવળમાં ઘણા ઉત્સાહી કાર્યકરોએ ખોટા મેસેજ પણ સેન્ડ કરી દીધા હતા. આમ ખોટા મેસેજના કારણે ઘણા ટેકેદારોમાં ખુશી ફેલાઈ હતી જે થોડીકવારમાં જ સાચી પરિસ્થિતિની જાણ થતા નિરાશામાં વ્યાપી જવા પામી હતી.

# છાલા ગામમાં રાત્રે કોમી અથડામણથી તંગદીલી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક આવેલા છાલા ગામમાં ગઈ કાલે રાત્રે નજીવી બાબતે કોમી અથડામણ થવા પામી હતી. તેનાથી ગામમાં તંગદીલી છવાઈ ગઈ હતી જો કે પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી જતા મામલો શાંત પડી ગયો હતો અને બે ઘાયલોને હોસ્પિટલ ખસેડીને સામ સામે ફરિયાદ લઈ ચિલોડા પોલીસે તટસ્થ તપાસ શરૂ કરી છે. ગામમાં ફરી પરિસ્થિતિ તંગ ન બને તે હેતુસર પુરતો પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ છાલા ગામના તરપોજ વિસ્તારમાં રહેતા મહમ્મદમીયા શરીફમીયાએ ચિલોડા પોલીસ મથકમાં કિશન બ્રાહ્મણ, અનુસંગ ઠાકોર, મુકેશ ચૌધરી અને વિક્રમ ચૌધરી સામે ફરિયાદ નોંધાવી છે. મહમ્મદમીયાના પત્નિ ગઈ રાત્રે પિયર જવા માટે ઘરેથી નીકળ્યા ત્યારે આરોપીઓએ મશ્કરીઓ કરી હતી. જેને પગલે મહમ્મદમીયાએ યુવાનોને ઠપકો આપતા તેઓ ઉશ્કેરાઈ જઈને લાકડીઓ અને ધોકા લઈને આવી ગયા હતા અને માર મારતા મામલો બિચકયો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

છાલા ગામના દિલીપભાઈ જોયતાભાઈ પટેલે આપેલી પોલીસ ફરિયાદ મુજબ છાલા ગામમાં કેટલાક લોકોએ તેમને આ રસ્તેથી નીકળવાનું નહી તેમ કહી દેતા બોલાચાલી થઈ હતી અને ત્યાર બાદ મામલો ઉગ્ર બન્યા બાદ કોમી વાતાવરણ સર્જાવા પામ્યું હતું. છરી, તલવાર જેવા તિક્ષ્ણ હથિયારો સાથે આવીને સમીર શેખ, અબ્દુલ ગલ્લાવાલા, ગુલુ કાદરમીયા, કાલુ મોતી મહલવાલા, મંકો રિક્ષાવાળો તથા અન્ય ૫૦થી ૬૦ના ટોળાએ હુમલો કરી ઘા માર્યા હોવાની ફરિયાદ દિલીપભાઈએ નોંધાવી છે. ચિલોડા પી.આઈ. વનરાજસિંહ ચાવડાએ આઈપીસી ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૩૭, ૫૦૬ (૨) મુજબ ટોળા સામે ગુનો દાખલ કરીને તટસ્થ તપાસ આરંભી છે. મળતી માહિતી મુજબ હનુમાન જયંતિ નિમિત્તે પ્રથમ વાર નિકળેલી શોભાયાત્રામાં પણ સામાન્ય બોલાચાલી થવા પામી હતી.

# બારે માસ 'ચતુર' કહેવાતા કાગડાને વસંતમાં કોયલ છેતરી જાય છે

## માદાને ઉશ્કેરી નર કોયલ કાગડા દંપતિને માળાથી દૂર લઈ જાય ત્યારે માદા કોયલ તેના ઈંડા માળામાં પધરાવી દે છે : પોતાના ઈંડા સમજી સેવતી કાગડીને બચ્ચા થયા પછી છેતરાયાની ખબર પડે છે : માનવ વસાહત નજીક થતો આ કુદરતનો ખેલ અવલોકનથી માણી શકાય છે

ગાંધીનગર, તા.૨૬

પ્રકૃતિ અને પક્ષી એકબીજાના પર્યાય છે, પક્ષી વિનાની પ્રકૃતિની કલ્પના અશકય છે. વળી, દરેક પક્ષી પોતાની અલગ 'પ્રકૃતિ' ધરાવે છે. અત્યારે આમ્રકુંજોમાં મીઠા ટહુકા કરતી કોયલ યુગલ અને પક્ષીઓમાં ચતુર કહેવાતા કાગડા યુગલનો સંવનનકાળ ચાલી રહ્યો છે. બંને પક્ષીઓની ઈંડા મુકવાની સઝન એક સાથે હોવાથી તેનો લાભ લઈ કોયલ યુગલ કાગડાને છેતરી તેના માળામાં પોતાના ઈંડા પધરાવી દે છે. આ દશ્યો હાલ ગાંધીનગરની વનરાજીમાં આકાર લઈ રહ્યાં છે જેનું અવલોકન કરી પક્ષી વિદો પ્રકૃતિની આ અનોખી 'રસમ'નો લ્હાવો માણી રહ્યાં છે.

આધુનિક યુગમાં 'સેરોગેટ મધર' શબ્દ એટલો પ્રચલિત બની ગયો છે કે હવે સમાજમાં તેનો સામાન્ય રીતે ઉપયોગ થઈ રહ્યો છે. જો કે પ્રકૃતિના ખોળે 'સેરોગેસી' કોન્સેપ્ટ કાગડા-કોયલ થકી સદીઓથી અમલમાં છે. આ પધ્ધતિ મુજબ ચતુર ગણાતો કાગડો હજારો વર્ષોથી છેતરાતો આવ્યો છે. ઉનાળાની ઋતુનો પ્રારંભ થતા જ કાગડા અને કોયલના ઈંડા મુકવાનો પ્રારંભ થાય છે. કાગડો વૃક્ષોની ઊંચાઈ પર માળો બનાવે છે પરંતુ માદા કોયલ માળો બાંધવામાં આળસુ હોય છે. વહેલી સવારે કુહુ...કુહુ..ના મીઠા ટહુકા કરી નર કોયલ પોતાનો ક્ષેત્રિય પ્રભાવ બનાવે છે. બરાબર આ જ વેળાઓ નર અને માદા કાગડા તેમનો માળો બનાવવામાં વ્યસ્ત બને છે. કાગડા યુગલ કયારે તેમનો માળો બનાવી તેમાં ઈંડા મુકી દે તેની જ રાહ જોઈને કોયલ યુગલ બેઠું હોય છે. એકવાર માદા કાગડો ઈંડા મુકી દે પછી કોયલ યુગલની 'રમત' ચાલુ થાય છે.



ઈંડાને સેવતી કાગડીની રક્ષા કરવા નર કાગડો પણ માળાની નજીકમાં જ રહે છે. આ કાગડા યુગલને માળાથી દૂર કરાવનાર કોયલ તેમના માળા પાસે આવી માદા કાગડાને ઉશ્કેરે છે. તેની સતત ઉશ્કેરણીના અંતે કાગડા યુગલ નર કોયલને દૂર ભગાડવા માળો છોડી લાંબી ઉડાન ભરે છે. એક તરફ નર કોયલ કાગડા યુગલને માળાથી દૂર લઈ જાય છે ત્યારે બીજી તરફ 'યોજના' મુજબ તકનો લાભ ઉઠાવી માદા કોયલ કાગડાના માળામાં તેના ઈંડા મુકી દે છે. કયારેક તે કાગડાના ઈંડા સાથે પોતાના ઈંડા મુકી દે છે તો કયારેક કાગડાના ઈંડા ચાંચ વડે માળા બહાર ફેંકી દે છે. આ કામ તે નર કોયલનો પીછો કરી પરત ફરતા કાયડા યુગલ આવે તે પહેલા પતાવી ત્યાંથી સરકી જાય છે. કોયલ અને કાગડાના ઈંડા દેખાવમાં લગભગ સરખા હોવાથી બિચારી કાગડી તેના પોતાના ઈંડા સમજી સેવે છે અને જયારે બચ્ચાં બહાર આવ્યે તે શરૂઆતમાં પણ દેખાવમાં સરખા હોવાથી તેના ઉછેરની જવાબદારી કાગડા દંપતિ નિભાવે છે. જયારે આ બચ્ચાં બોલતા થાય ત્યારે કોયલ દંપતિ પોતાના અવાજની ઓળખ આપી બચ્ચાને પોતાની સાથે લઈ જાય છે. અને આમ કાગડા દંપતિ પેઢી દર પેઢી છેતરાયા કરે છે. હવે છેતરાયાનો અહેસાસ થયા પછી ફરિયાદ કરે તો પણ કોને કરે?

ગગન વિહારી પંખીઓની દુનિયા અજબ છે. કાગડો અને કોયલ એ સ્થાનિક પંખી હોવા ઉપરાંત તે માનવ વસાહત નજીક માળો બનાવે છે તેથી તેમની આ ક્રિયાનું અવલોકન કરવું એટલું મુશ્કેલ નથી. બસ જરૂર છે તો થોડો નવરાશનો સમય કાઢવાની અને પક્ષી નિરિક્ષકો સાથે તે સમય વિતાવવાની. આખરે પક્ષીઓની ભાષા અને વર્તણૂંકમાંથી માનવજાતે પણ શીખી માનવીય મૂલ્યોમાં સુધારો કરવાનો બોધપાઠ લેવા જેવો ખરો.



(તસવીર : કશ્યપ નિમાાવત)

ગ્રીષ્મની મોસમ ફળોની મોસમ સાથે વર્ષભરના ભરવાના અથાણાની પણ સીઝન છે. ગુજરાતી ગૃહિણીઓ વિવિધ અથાણા બનાવવામાં માહેર છે. તેમાંય કેરી-ગુંદાનું અથાણું અને ગુંદાનું મેથીનો મસાલો ભરેલું શાક ગુજરાતીઓ માટે સૌથી પ્રિય કહી શકાય. બજારોમાં આ માટે 'ગુંદા' વેચાણમાં આવી ગયા છે. જેની ગૃહિણીઓ ખરીદી કરતી જોવા મળે છે.

## ચિરવિદાય

- સ્વ. વિણાબેન જનકભાઈ શીયાણી, ઉ.વ. ૫૬
- સ્વ. હરીશચંદ્ર મુળજીભાઈ ભાવસાર, ઉ.વ. ૭૧
- સ્વ. વાઘેલા મધુબા અમરસિંહ, ઉ.વ. ૬૦